नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

# श्रुतसंविभाग – २

JULY 2016 આષાઢ ૨૦૭૨

## અચિત્તમહાસ્કંધમાં પરાઘાતત્વ અંગે વિભિન્ન મંતવ્યો

અચિત્તમહાસ્કંધ અને સમુદ્ઘાત વિશે આપ સૌ જાણતા જ હશો. અચિત્તમહાસ્કંધ પુદ્ગલાસ્તિકાયનો એક અનંતાનંતપ્રદેશી સૂક્ષ્મપરિણામી સ્કંધ છે. વર્ગણાની પ્રરૂપણામાં સૌથી છેલ્લે એની પ્રરૂપણા થતી હોય છે. આ અચિત્તમહાસ્કંધની સમુદ્ઘાત-પ્રક્રિયા અંગે હમણાં એક નવી વાત જાણવા મળી.

અચિત્તમહાસ્કંધ સમુદ્ઘાતની પ્રક્રિયા દ્વારા લોકવ્યાપી બનતો હોય છે એ જાણીતી વાત છે. આ પ્રક્રિયા કેવલિસમુદ્ઘાતની જેમ આઠ સમયની જ હોય છે – પહેલે સમયે દંડ, બીજે સમયે કપાટ, ત્રીજે સમયે મંથાન અને ચોથે સમયે આંતરા પૂરીને લોકવ્યાપિતા. પછીના ચાર સમયમાં તે પ્રતિલોમ(ઊલટા) ક્રમે સંકોચાઈને આઠમા સમયમાં સ્વભાવસ્થ થાય છે. આનાથી જુદી રીતે ભાષાદ્રવ્યો ત્રીજા જ સમયે સકલ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે - પહેલે સમયે દંડ, બીજે સમયે મંથાન અને ત્રીજે સમયે આંતરા પૂરીને લોકવ્યાપિતા. (જુઓ *વિશેષાવશ્યક-મહાભાષ્ય* – ગાથા - ૩૮૪-૩૮૫)

પ્રશ્ન એ થાય કે અચિત્તમહાસ્કંધ કેમ ત્રીજે સમયે લોકવ્યાપી નથી બની જતો ? અને એને લોકવ્યાપી બનવામાં જો ચાર સમય લાગતા હોય તો ભાષાદ્રવ્યોને ત્રણ જ કેમ ? આનો ઉત્તર *વિશેષાવશ્યક-મહાભાષ્ય* – ગાથા- ૩૯૪ અને તેની *મલધારી શ્રીહેમચંદ્રસૂરિજી* વિરચિત વૃત્તિમાં આ રીતે અપાયો છે –

खंधो वि वीससाए न पराघाओ य तेण चउसमओ । अह होज्ज पराघाओ हविज्ज तो सो वि तिसमइओ ।। - स्कंधोऽचित्तमहास्कंधः सोऽपि विस्रसया केवलेन विस्रसापरिणामेन भवति, न तु जीवप्रयोगेण । विस्रसापरिणामश्च विचित्रत्वाद् न पर्यनुयोगमर्हति । किञ्च, न तत्र पराघातोऽस्ति- नाऽन्यद्रव्याणामात्मपरिणाममसौ जनयतीत्यर्थः, किन्तु स निजपुद्गलैरेव लोकं पूरयति । ततोऽसौ चतुःसमयो भवति । अथ तत्राऽपि पराघातो भवेत्, ततः सोऽपि त्रिसामयिको भवेत्- त्रिभिरेव समयैर्लोकमापूरयेदित्यर्थः । न चैवं, सिद्धान्ते चतुःसमयत्वेन तस्योक्तत्वात् । तस्माद् नाऽस्ति तत्र पराघातः । अत्र त्वस्त्यसौ इति वैषम्यम् ।

આનું તાત્પર્ય એમ સમજાય છે કે અચિત્તમહાસ્કંધ માત્ર વિસ્રસા પ્રયોગથી જ થાય છે, જીવનો પ્રયોગ એમાં બિલકુલ હોતો નથી. જ્યારે ભાષાદ્રવ્યો સાથે તો જીવપ્રયોગ જોડાયેલો છે. જ્યાં પ્રયોગ છે ત્યાં પ્રશ્ન થઈ શકે. વિસ્રસા પરિણામ તો વિચિત્ર હોવાથી અપર્યનુયોજ્ય(-પ્રશ્નાતીત) જ હોય છે. માટે અચિત્તમહાસ્કંધમાં ચોથા સમયે લોકવ્યાપિતા કેમ તેવો પ્રશ્ન જ ન કરી શકાય. અને કરીએ તો વિસ્રસા પરિણામ એ એક જ તેનો જવાબ હોય.

અથવા બીજી રીતે પણ આનું સમાધાન શક્ય છે. પ્રબળ પ્રયત્ને મૂકાયેલાં ભાષાદ્રવ્યો પ્રથમ સમયે છ દિશામાં લોકાન્ત સુધી પહોંચનારા જે છ દંડ રચે, તે દંડ ગતિ કરતાં કરતાં ચારે દિશામાં એક સરખી રીતે ભાષાપ્રાયોગ્ય દ્રવ્યોને પરાઘાત પમાડે છે. મતલબ કે અન્ય અનંત અનંતપ્રદેશિક સ્કંધોને શબ્દાત્મક પરિણામવાળા બનાવે છે. તેથી બીજા સમયે શબ્દાત્મક ભાવનાથી વાસિત અનંતગુણ દ્રવ્યો સાથે ચારે દિશામાં પ્રસરતાં ભાષાદ્રવ્યો છ મંથાન રચે છે. ત્રીજા સમયે આ મંથાનોનાં આંતરાં પૂરાતાં સર્વલોક ભાષાદ્રવ્યોથી વ્યાપ્ત બને છે. આમાં ચાવીરૂપ બાબત 'પરાઘાત' છે. અચિત્તમહાસ્કંધ જો પરાઘાત કરી શકતો હોત એટલે કે અન્ય દ્રવ્યોમાં સ્વપરિણામ ઉત્પન્ન કરી શકતો હોત તો ચોક્કસ તે પણ ત્રણ સમયમાં લોકવ્યાપી બની શકત. પરંતુ તે પરાઘાત કરી શકતો નથી, તેણે પોતાનાં પુદ્ગલો દ્વારા જ વ્યાપ્ત થવાનું હોય છે. તેથી તે પ્રક્રિયા અનિવાર્યપણે દંડમાંથી મંથાન બનવામાં વચ્ચે કપાટ અવસ્થાનો એક સમય વધારે લે છે. અને ચાર સમય વીતી જાય છે.

આ સમાધાન પરથી સમજાય છે કે *શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* અને તેમને અનુસરીને *મલધારી શ્રીહેમચંદ્રસૂરિજી* અચિત્તમહાસ્કંધને અપરાઘાતી- અન્ય સ્કંધોને સ્વપરિણામ નહીં પમાડનારો ગણે છે.

હમણાં આનાથી જુદી જ વાત વાંચવા મળી. *શ્રીદશવૈકાલિકસૂત્ર* ની *શ્રીઅગસ્ત્યસિંહસૂરિજી* એ રચેલી ચૂર્ણિમાં ત્રીજા અધ્યયનના પ્રારંભે 'મહત્'ના નિક્ષેપાના વિવરણમાં જણાવાયું છે કે –